
શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદ વૈદશાળા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ તેરસ બુધવાર ૧૫ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૬

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# અમેરિકા-ઈરાન ટાઢા પડ્યા: મંત્રણાનો બીજો રાઉન્ડ

### બિહારમાં પ્રથમવાર ભાજપના નેતૃત્વવાળી સરકાર બનશે

## બિહારમાં નવો રાજકીય અધ્યાય: સમ્રાટ ચૌધરી બનશે મુખ્યમંત્રી

**સમ્રાટ** ચૌધરી આજે સવારે 11 વાગ્યે લેશે શપથ, નીતીશનું રાજીનામું

**નીતિશ** કુમારના પુત્ર નિશાંત નાયબ મુખ્યમંત્રી બનવા તૈયાર નથી સમ્રાટ ચૌધરીએ નીતિશ કુમારના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા



પટના, તા. 14 (પીટીઆઈ): બિહારમાં મંગળવારે એક નવા રાજકીય યુગની શરૂઆત થઈ છે. જેડીયુ (યુ) અધ્યક્ષ નીતિશ કુમારે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ હવે બિહારમાં પ્રથમ વખત ભાજપના નેતૃત્વવાળી સરકાર બનવા જઈ રહી છે. એનડીએ વિધાયક દળની બેઠકમાં સર્વાનુમતે સમ્રાટ ચૌધરીને નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. શપથ ગ્રહણ સમારોહ બુધવારે સવારે 11 વાગ્યે લોકભવનમાં યોજાશે.

આ ઘટનાક્રમની સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે જ્યારે નીતિશ કુમારે સમ્રાટ ચૌધરીને હાર પહેરાવ્યો ત્યારે ભાવિ મુખ્યમંત્રીએ તેમના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં ચૌધરી 'નાના મંત્રીમંડળ' સાથે શપથ લેશે, જેનું વિસ્તરણ આવતા મહિને કરવામાં આવશે. બીજી તરફ, એક રસપ્રદ વિગત એ સામે આવી છે કે એક મહિના પહેલા જ પક્ષમાં જોડાયેલા નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર નાયબ મુખ્યમંત્રી બનવા ઈચ્છુક નથી અને તેઓ સંગઠન મજબૂત કરવા

...અનુસંધાન પાના 11 પર

**યુદ્ધવિરામ** પૂર્ણ થાય તે પહેલા કાયમી શાંતિ માટે પ્રયાસો તેજ

ઈસ્લામાબાદ, તા. 14 (પીટીઆઈ): અમેરિકા અને ઈરાન વચ્ચેના ગંભીર સંઘર્ષને ડામવા માટે પાકિસ્તાન ફરી એકવાર સક્રિય બન્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ઈસ્લામાબાદમાં બંને દેશો વચ્ચે બીજા રાઉન્ડની વાટાઘાટો આગામી સપ્તાહ સુધીમાં અથવા કદાચ આ ગુરુવારે જ યોજાય તેવી શક્યતા છે. આ ઉચ્ચસ્તરીય સંપર્કનો મુખ્ય ઉદ્દેશ્ય 21 એપ્રિલે પૂર્ણ થતા બે સપ્તાહના યુદ્ધવિરામ પહેલા કોઈ કાયમી ઉકેલ શોધવાનો છે.

વડા પ્રધાન શહબાઝ શરીફ, નાયબ વડા પ્રધાન ઈશાક ડાર અને ફિલ્ડ માર્શલ અસીમ મુનીર આ મંત્રણાઓને સફળ બનાવવા માટે સઘન પ્રયાસો કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહના અંતે ઈસ્લામાબાદમાં જ અમેરિકા અને ઈરાન વચ્ચે 47 વર્ષમાં પ્રથમ વખત સીધી વાતચીત થઈ હતી. જોકે, આ મેરેથોન બેઠકમાં કોઈ અંતિમ સમજૂતી થઈ શકી ન હતી. હવે પાકિસ્તાની નેતૃત્વ બીજા રાઉન્ડ દ્વારા ખાડી દેશોમાં ચાલી રહેલા



આ યુદ્ધનો અંત લાવવા માગે છે.

વ્યૂહાત્મક રીતે આ વાટાઘાટો અત્યંત મહત્વની છે, કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હોર્મુઝની ખાડીમાં જાહેર કરાયેલી નૌકાબંધીની ડેડલાઈન પહેલા જ શહબાઝ શરીફે 8 એપ્રિલે બંને પક્ષોને બે સપ્તાહના યુદ્ધવિરામ માટે મનાવી લીધા હતા. ગત 11 એપ્રિલે અમેરિકાના ઉપ-પ્રમુખ જેડી વેન્સ અને ઈરાની સંસદના સ્પીકર મહોમ્મદ-બાગેર ઘાલીબાફ વચ્ચે ઈસ્લામાબાદમાં લાંબી ચર્ચા થઈ હતી.

સોમવારે મળેલી કેબિનેટ બેઠકમાં વડા પ્રધાન શરીફે આશા વ્યક્ત કરી હતી કે આ પ્રયાસોથી પ્રાદેશિક શાંતિ સ્થપાશે. તેમણે ઓસ્લો અને જિનીવા કરારના દાખલા આપીને કહ્યું હતું કે શાંતિ સમજૂતીઓમાં સમય લાગે છે, પરંતુ પાકિસ્તાને દાયકાઓથી ચાલી રહેલા ગજગ્રાહને તોડીને સંવાદનો માર્ગ ખોલ્યો છે. પાકિસ્તાની કેબિનેટે પણ સર્વાનુમતે ઠરાવ પસાર કરીને આ મધ્યસ્થતા બદલ દેશના નેતૃત્વની પ્રશંસા કરી છે. બીજી તરફ, વડા પ્રધાન શહબાઝ શરીફ ટૂંક સમયમાં સાઉદી અરેબિયા અને તુર્કીની મુલાકાતે પણ જવાના છે, જે મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે વધુ મહત્વની બની શકે છે.



## પાકિસ્તાન માટે વૈશ્વિક શરમની ઘટના: અમેરિકા-ઇરાન મંત્રણાનું હોટેલ બિલ પણ ન ચૂકવી શક્યું!

**શાંતિ** મધ્યસ્થી બનવાના દાવા વચ્ચે આર્થિક કંગાળિયત ઉઘાડી પડી, સેરેના હોટલના માલિકે પોતે ખર્ચ સેટલ કરવો પડ્યો

નવી દિલ્હી, તા. 14: પાકિસ્તાન માટે આંતરરાષ્ટ્રીય સ્તરે એક ક્ષોભજનક સ્થિતિ સર્જાઈ છે. 10થી 12 એપ્રિલ, 2026 દરમિયાન ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે જે ઐતિહાસિક મધ્યસ્થતાની વાટાઘાટો થઈ, તેના આયોજનમાં પાકિસ્તાન સરકાર યજમાન તરીકેની પાયાની નાણાકીય જવાબદારી પૂરી કરવામાં નિષ્ફળ રહી છે. અહેવાલો અનુસાર, જે સેરેના હોટલમાં આ હાઈ-પ્રોફાઈલ બેઠકો યોજાઈ હતી, તેનું બિલ ચૂકવવામાં પાકિસ્તાન સરકારે અસમર્થતા દર્શાવી હતી.

પાકિસ્તાન સરકાર આ 'ઓપરેશનલ પેમેન્ટ્સ' એટલે કે હોટેલના ખર્ચ ચૂકવવામાં નિષ્ફળ રહી હતી જેના પગલે વિવાદ એટલો વકર્યો હતો કે અંતે

...અનુસંધાન પાના 11 પર





### શાહ અને ગડકરીની કાર્યશૈલીમાં તફાવત

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના ખાસ મંત્રીઓના કાર્યાલયોમાં સંસદ સત્ર દરમિયાન વર્તમાન અને ભૂતપૂર્વ સાંસદોનો સતત પ્રવાહ જોવા મળે છે. જોકે, સૌથી વધુ ભીડ અવારનવાર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીના કાર્યાલયોની બહાર જોવા મળે છે.

આ બંને મંત્રીઓની ઓફિસો સંસદ ભવનના ગ્રાઉન્ડ ફ્લોર પર એક જ હરોળમાં આવેલી છે. નિકટતા હોવા છતાં બંને ઓફિસોની કામગીરીની પદ્ધતિ ખૂબ જ અલગ છે. શાહ સાથે વ્યક્તિગત મુલાકાત ઇચ્છતા મુલાકાતીઓએ ઘણીવાર લાંબો સમય રાહ જોવી પડે છે, જે તેમના ટાઇટ શેડ્યુલને દર્શાવે છે.

તેનાથી વિપરીત, ગડકરીની ઓફિસ 'ઓપન-ડોર' (ખુલ્લા દ્વાર) અભિગમ અપનાવે છે, જેમાં સાંસદો મુક્તપણે અંદર જઈ શકે છે અને તેમના મતવિસ્તારના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સ સંબંધિત પ્રશ્નો સીધા ઉઠાવી શકે છે. આ તફાવત માત્ર સુલભતા પૂરતો મર્યાદિત નથી.

પોતાના ભોજન પ્રેમના ઉત્સાહ માટે જાણીતા ગડકરી, મુલાકાતીઓને અવારનવાર ઘરે બનાવેલો નાસ્તો આપે છે. પક્ષના ભેદભાવ વગર તમામ સાંસદો અને તેમના સહાયકોને મરાઠી અને દક્ષિણ ભારતીય વાનગીઓનો સ્વાદ ચાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ગડકરી વારંવાર મહેમાનોને કહેતા સંભળાય છે કે, "આનો સ્વાદ સાવ અલગ છે. ઘરનું

...અનુસંધાન પાના 11 પર

## ચૂંટણીઓ બાદ પેટ્રોલ ડીઝલની કિંમતોમાં થઇ શકે છે ભારે વધારો

**ઓઈલ** કંપનીઓને રોજના રૂ. 1,600 કરોડનું નુકસાન થઈ રહ્યું છે

**પેટ્રોલમાં** રૂ. 18 અને ડીઝલમાં રૂ. 35ના ભાવ વધારાના સંકેત

નવી દિલ્હી, તા. 14: આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો ઉછાળો આવવાની શક્યતા છે. મેક્વેરી ગ્રુપના અહેવાલ અનુસાર, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હાલમાં પેટ્રોલ પર પ્રતિ લિટર રૂ. 18 અને ડીઝલ પર રૂ. 35નું નુકસાન વેઠી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે કાચા તેલના ભાવમાં પ્રતિ બેરલ 10 ડોલરનો વધારો થતા કંપનીઓના નુકસાનમાં પ્રતિ લિટર રૂ. 6નો વધારો થાય છે.

અહેવાલમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં ચાલી રહેલી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો વધારો ઝીંકવામાં આવી શકે છે. સામાન્ય રીતે ચૂંટણી દરમિયાન તેલની કિંમતો સ્થિર રાખવામાં આવે છે, પરંતુ કંપનીઓના વધતા જતા જંગી નુકસાનને જોતા હવે ભાવ વધારો અનિવાર્ય જણાઈ રહ્યો છે.

ભારત પોતાની જરૂરિયાતનું 88 ટકા તેલ આયાત કરે છે. રશિયા-યુક્રેન યુદ્ધ બાદ કાચું તેલ 100 ડોલરને પાર કરી ગયું હતું, જે બાદમાં 70 ડોલર સુધી સ્થિર થયું હતું. પરંતુ હાલમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચેના વધતા તણાવ અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ રૂટ પ્રભાવિત થવાને કારણે તેલના ભાવ ફરીથી 100થી 120 ડોલરની સપાટી વટાવી ગયા છે. આ સ્થિતિને કારણે સરકારી કંપનીઓ જેવી કે ઈન્ડિયન ઓઈલ કંપની (આઈઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (બીપીસીએલ) અને એચપીસીએલને દરરોજ આશરે રૂ. 2,400 કરોડનું નુકસાન થઈ રહ્યું હતું. જોકે, કેન્દ્ર સરકાર દ્વારા એક્સાઈઝ ડ્યુટીમાં કરાયેલા રૂ. 10ના ઘટાડા બાદ આ દૈનિક નુકસાન ઘટીને રૂ. 1,600 કરોડ થયું છે.

નોંધનીય છે કે એપ્રિલ 2022થી સરકારી કંપનીઓએ ભાવમાં કોઈ મોટો ફેરફાર કર્યો નથી,

...અનુસંધાન પાના 11 પર

## મોદી અને ટ્રમ્પ વચ્ચે ફોન પર વાતચીત: પશ્ચિમ એશિયા સંકટ પર ચર્ચા

**થોડા** દિવસોમાં ભારત અને અમેરિકા વચ્ચે ઉર્જા ક્ષેત્ર સહિતના કેટલાક મોટા સોદાઓ થવાની શક્યતા

**વોશિંગ્ટન** અને તેહરાન વચ્ચે સીધી વાટાઘાટોનો બીજો તબક્કો યોજાય તેવી શક્યતા



નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મંગળવારે ટેલિફોનિક વાતચીત થઈ હતી, જેમાં બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી નોંધપાત્ર પ્રગતિની સમીક્ષા કરી હતી.

આશરે 40 મિનિટ સુધી ચાલેલી આ વાતચીતમાં ટ્રમ્પે પીએમ મોદીને પશ્ચિમ એશિયાના સંકટ અને વર્તમાન સ્થિતિ અંગે વિગતવાર માહિતી આપી હતી. બંને નેતાઓએ વૈશ્વિક ઉર્જા માર્ગ સમાન 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને ખુલ્લો અને સુરક્ષિત રાખવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

મેરિકી દૂત સર્જિયો ગોરે પત્રકારોને જણાવ્યું હતું કે, આગામી થોડા દિવસો કે અઠવાડિયામાં ભારત અને અમેરિકા વચ્ચે ઉર્જા ક્ષેત્ર સહિતના કેટલાક મોટા પાયાના સોદાઓ થવાની શક્યતા છે. આ વર્ષે બંને નેતાઓ વચ્ચે આ ત્રીજી ફોન પરની વાતચીત હતી. અગાઉ 2 ફેબ્રુઆરીએ વેપાર સોદા અંગે વાતચીત થઈ હતી અને 24 માર્ચના રોજ પણ પશ્ચિમ એશિયા મુદ્દે ચર્ચા થઈ હતી. વાતચીતના અંતે ટ્રમ્પે પીએમ મોદીને કહ્યું હતું કે, 'હું ઈચ્છું છું કે તમે જાણો કે અમે બધા તમને પ્રેમ કરીએ છીએ.'

બંને નેતાઓએ ઈરાનના બંદરો પર અમેરિકા દ્વારા કરવામાં આવેલી નૌકાદળની નાકાબંધી અંગે પણ ચર્ચા

...અનુસંધાન પાના 11 પર

## પશ્ચિમ એશિયાના યુદ્ધના કારણે ભારતમાં વધુ 25 લાખ લોકો ગરીબીમાં ધકેલાશે

**મોંઘું** ઈંધણ અને ખાતરની અછત ખેતી-ઉદ્યોગોને નુકસાન પહોંચાડશે

**માનવ** વિકાસ આંકમાં ભારત પાછળ ધકેલાવાની આશંકા

**માલસામાનનું** ભાડું અને કાચા માલના ખર્ચમાં વધારો થયો, જેનાથી સામાન્ય પરિવારોની ખરીદશક્તિ ઘટી





સંયુક્ત રાષ્ટ્રો, તા. 14 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સૈન્ય સંઘર્ષને કારણે ભારતના અંદાજે 25 લાખ (2.5 મિલિયન) લોકો ગરીબીમાં ધકેલાઈ જવાની ભીતિ છે.

સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી)ના તાજેતરના 'મધ્યપૂર્વમાં યુદ્ધઃ એશિયા અને પ્રશાંત ક્ષેત્રમાં તેની માનવ વિકાસ પર અસર' અહેવાલ મુજબ, આ યુદ્ધને કારણે ભારતની માનવ વિકાસ પ્રગતિ (એચડીઆઈ)ને પણ મોટું નુકસાન થઈ શકે છે. અહેવાલ અનુસાર, આ સંઘર્ષને કારણે ઈંધણ, માલસામાનનું ભાડું અને કાચા માલના ખર્ચમાં વધારો થયો છે, જેનાથી સામાન્ય પરિવારોની ખરીદશક્તિ ઘટી છે અને ખાદ્ય અસુરક્ષામાં વધારો થયો છે.

ભારત પોતાની જરૂરિયાતનું 90%થી વધુ તેલ અને એલપીજી આયાત કરે છે, જેનો મોટો હિસ્સો પશ્ચિમ એશિયામાંથી આવે છે. આ ઉપરાંત, ભારતની યુરિયા ફેક્ટરીઓ અને ખાતરની આયાત પણ આ પ્રદેશ પર નિર્ભર છે. જો આ સંઘર્ષ લાંબો ચાલે તો જૂન મહિનાથી શરૂ થતી ખરીફ સીઝન (ચોમાસુ પાક) પર તેની વિપરીત અસર પડી શકે છે. અહેવાલ મુજબ, ભારતમાં ગરીબીનો દર 23.9% થી વધીને 24.2% થવાની ધારણા છે, જેનો અર્થ છે કે વધારાના 2,464,698 લોકો ગરીબી રેખા નીચે આવી શકે છે.

આર્થિક અસરો ઉપરાંત, રોજગાર પર પણ મોટું જોખમ છે. અખાતી દેશોમાં આશરે 93.7 લાખ ભારતીયો વસે છે, જેઓ ભારતની કુલ રેમિટન્સ (વિદેશથી આવતા નાણાં)માં 38-40% ફાળો આપે છે. જો ત્યાં આર્થિક ગતિવિધિઓ નબળી પડે, તો ભારત આવતા નાણાંમાં ઘટાડો થશે. ખાસ કરીને ભારતના સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો (એમએસએમઈ), જેમ કે જેમ્સ એન્ડ જ્વેલરી, સ્ટીલ અને ટેક્સટાઈલ ક્ષેત્ર પર તેની માઠી અસર

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૪-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૪° સે. | ૨૬.૬° સે. | ૨૦% |


આપણા સુરતમાં વર્ષ ૨૦૦૧ થી
ટેબ®
ટ્રીટમેન્ટ ક્લિનીક્સ (પૂને)
સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર
૨૫ વર્ષ થી

દરરોજ કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે.
મુલાકાત અને જાણકારી માટે આજે જ સંપર્ક કરો મો. ૯૦૧૬૩૭૪૨૩૨
ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ - ૨૪૭૩૪૪૮
૧૦૩/૧૦૪, પહેલો માળ, જલનિધિ કોમ્પલેક્ષ, બહુમાળી ની સામે, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.
દરેક રવિવારે પણ ચાલુ રહેશે.

"ઘુંટણના ઘસારાને કારણે દુ:ખાવો, સોજો તથા જકડાહટ સાંપના ભરડાની જેમ મારા શરીરના બધા સાંધાઓને ભરખી રહયો હતો. ત્યારે ટેબની ૩૬ વર્ષના અનેક દર્દીઓ ના અનુભવ પરથી અજમાવાયેલી સારવાર જ હતી જેણે મને આ ભરડામાંથી મુક્ત કરી અને મારા બંને ઘરોની વચ્ચે આવાગમન સરળ બનાવ્યું. આભાર ટેબ ક્લિનીક્સનો."
આમ કહેવું છે ટેબ ક્લિનીક્સ, સુરત ખાતે સંપૂર્ણ સારા થએલા ૭૦ વર્ષીય જામનગરના રહેવાસી હાલ સુરત એવા શ્રીમતિ ભારતીબેન વડનગરાનું સરનામું : એ-૬૦૧, ગ્રીન એન્કલેવ, ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ, સુરત-૯.



ટેબની સારવાર પછી ખુશીથી જીવન વ્યતીત કરતા શ્રી અને શ્રીમતિ વડનગરા
દર્દી ની સહી

| ટેબની શુદ્ધ આયુર્વેદીક સારવાર કર્યા પહેલા | ટેબની શુદ્ધ આયુર્વેદીક સારવાર કર્યા પછી |
|---|---|
| ૧) ડાબા પગના ઘુંટણના ઘસારાને લીધે સખત દુ:ખાવો, સોજો તથા જકડાહટ રહેતા હતા. | ૧) ડાબા પગના ઘુંટણમાં દુ:ખાવામાં સંપૂર્ણ રાહત મળી છે, સોજા પૂરેપૂરા ઉતરી ગયા છે અને જકડાહટ બિલકુલ રહેતી નથી. |
| ૨) જમીન પર બેસી શકાતું ન હતું કે પલાંઠી બિલકુલ વાળી શકાતી ન હતી. | ૨) જમીન પર પલાંઠી વાળીને તથા ઉભડક પણ બેસી શકાય છે. |
| ૩) ચાલતી વખતે ઘુંટણમાં કટ્-કટ્ અવાજ આવતો હતો | ૩) એકાદ કી.મી. જેટલું આરામથી ચાલી શકાય છે. અને કટ્-કટ્ અવાજ આવતો બંધ થયો છે. |
| ૪) થોડી વાર પણ ચાલી શકાતું ન હતું કે ઉભા રહી શકાતું ન હતું. | ૪) ઉભા રહીને રસોડાનું અને ઘરનું અન્ય કામકાજ બિલકુલ દર્દરહિતપણે કરી શકાય છે. |
| ૫) ચાલતી વખતે પગ ઉપાડતા ખુબ ભારે લાગતા હતા અને ડગમગ ચલાતું હતું. | ૫) સહેજપણ ડગમગ થયા વગર સારી રીતે ચાલી શકાય છે. |

- ટેબ ઉપચારમાં આધુનિક નિદાન પધ્ધતિ અને ઉચ્ચ કક્ષાના પ્રભાવી ઔષધોપચારનું અદ્ભુત મિશ્રણ છે.
- ટેબ ફક્ત રોગના લક્ષણોનો ઉપચાર નથી કરતું, પણ તેના મૂળ કારણોનો ઉપચાર કરે છે,તેથી જ યોગ્ય રીતે ટેબનો સંપૂર્ણ ઉપચાર કર્યા પછી દર્દી પહેલાથી આરામદાયક જીવન વિતાવે છે.
- ટેબ ક્લિનીક્સ દવાનુ વેચાણ નથી કરતી પરતુ પોતાની જ ગ્રૂપ કંપનીએ બનાવેલી શુધ્ધ આર્યુવેદિક દવાઓથી સાંધા/સ્નાયુ સબંધિતની તકલીફોનો સંપૂર્ણ ઉપચાર કરે છે.
- ટેબના બધા જ ઉપચાર કાર્યક્રમ ફક્ત ઓ.પી.ડી. (O.P.D.) બેઝિસ પર હોવાથી જેથી દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર જ નથી.
- શુધ્ધ આયુર્વેદિક ટેબ ઉપચારમાં કોઈપણ પ્રકારના સ્ટીરોઈડ્સ, હાનિકારક વેદનાશામક દવાઓ તથા ઈન્જેક્શનનો સમાવેશ બિલકુલ નથી.
- ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, સારવાર પહેલાનો સાંધા/સ્નાયુનો સોજો અને તીવ્ર દુખાવો નીકળી જાય છે તથા હલચલમાં સંપૂર્ણ રાહત થઈ જાય છે.
- ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, દર્દીના સાંધા/સ્નાયુના હઠીલા દર્દોના લોહી સંબંધિતની ખરાબીઓ જેવી કે પ્રોઝીટીવ-આર.એ. ફેક્ટર, સી.આર.પી.,એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એનએસી), સંપૂર્ણ નીકળી જાય છે.